## સુરત જિલ્લાના નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ

**માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં નાણાકીય વર્ષઃ૨૦૨૧–૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૩) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં નાણાકીય વર્ષઃ૨૦૨૧–૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂા.૩૧૭.૫૨ લાખ અને ગ્રામ પંચાયતોને રૂા. ૧૧૧૧.૩૨ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૧૯૦ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૭૯૬ કામોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૧૫ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૨૦૧ કામો પૂર્ણ કરવામાં આવ્યાં.

(૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂા. ૩૦.૬૧ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂા.૪૪૨.૪૮ લાખ ખર્ચ થયેલ છે.